## શેઠ ડી.એમ.પોલિટેક્નિક ઇન હોર્ટિકલ્ચર,મોડેલ ફાર્મ,વડોદરા ખાતે શિક્ષક દિનની ઉજવણી

ભારતરત્ન, પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. ડૉ સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મ દિવસ ૫મી સપ્ટેમ્બર ૧૮૮૮ને ૧૯૬૨ની ૫મી સપ્ટેમ્બર થી દર વર્ષે ભારત દેશમાં દરેક શિક્ષણ સંસ્થાઓમાં શિક્ષક દિન તરીકે ઉજવણી કરવામાં આવે છે. સ્વ. ડૉ સર્વપલ્લી રાધાકૃષ્ણ વ્યવસાયે શિક્ષક હતા અને વિધાર્થીઓ પ્રત્યે હંમેશા જોડાયેલ હતા તેમજ શિક્ષણના વિવિધ ક્ષેત્રોમાં તેમનું યોગદાન અનન્ય છે. શિક્ષક દિન રાષ્ટ્રગૌરવ સાથે સંકળાયેલ છે જેના કારણે વર્તમાન સમયમાં શિક્ષકોની રાષ્ટ્રના ઘડતરમાં આપેલ યોગદાન માટે સૌ યાદ કરે છે.

અત્રેની પોલિટેકનીકના વિદ્યાર્થીઓએ આ શિક્ષક દિનની ઉજવણીની શરૂઆત પ્રાર્થના તેમજ દીપપ્રાગટ્ય દ્વારા કરી ૧૫ વિદ્યાર્થીઓએ શિક્ષક દિન નીમીતે ભાગ લીધેલ હતો, જેમણે પ્રથમ, ત્રીજું અને પાંચમા સેમેસ્ટરમાં વિવિધ વિષયો પસંદ કરી લેકચર આપેલ હતો. આ દિવસની ઉજવણીના ભાગરૂપે વિધાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે શ્રેષ્ઠ શિક્ષક માટેની સ્પર્ધા પણ રાખેલ. અત્રેની કોલેજના ત્રણ મદદનીશ પ્રાધ્યાપકની બનેલી કમિટીએ આ દિવસના શિક્ષકોનું મૂલ્યાંકન કરી પ્રથમ, દ્વિતીય અને તૃતીય રેન્ક આપી ત્રણ શિક્ષકોની પસંદગી કરેલ અને પ્રોત્સાહિત કરેલ.








